1-39/2018 NS-1
Government of India
Ministry of Education
Department of Higher Education
NS.I Section

West Block -1, Wing 6, R.K. Puram, Sector -1
New Delhi-110066
Dated: 24th July, 2024

To

1. The Principal Secretary (Higher & Technical Education), Commissioner Higher Education, 5th Block, 8th Floor, Education Department, New Sachivalaya, Gandhinagar-382010, Gujarat. (Email: secedu-he@gujarat.gov.in)

2. The Secretary, Commissioner of Higer Education Govt. of Gujarat, Scholarship wing, Block No - 12, 2nd Floor, Dr. Jivraj Mehta Bhavan Gandhinagar - 382010, Gujarat. (Email: scholarshipche10@gmail.com, dduniversity-che@gujgov.edu.in)

**Subject: Bringing awareness for PM-USP Central Sector Scheme of Scholarship for College and University Students - regarding**

Sir,

As you may be aware, this Department implements the **PM-USP Central Sector Scheme of Scholarship for College and University Students** across the nation.

2. The National Scholarships Portal (https://scholarships.gov.in) is now live for applications from the students in higher education. **The allocated quota for your state is 3944 and in the last Academic Year i.e. 2023-24, only 4420 fresh applications were received.** Students who were in top twenty percentile in higher secondary from your state board and annual income up to Rs. 4.5 lakhs are eligible to apply for this scholarship. Fewer applications from them will deprive the deserving students of your state from benefits of this Scheme.

3. In view of above, you are requested to spread awareness about the scheme by preparing information bulletin/pamphlets and share the same with the Principals of the schools/Institutions, Registrars of the Universities, publishing advertisement in the local newspapers, radio channels and uploading public notice regarding the scheme (copy enclosed) and User manual for the OTR and Scholarship Application Process (available on https://scholarships.gov.in/studentFAQs) on the official website of the respective Board/ Higher Education Department/Educational Institutions so that maximum number of students could avail the benefit of the scheme.

Enc: a/a

Yours faithfully,

(N. S. Bisht)
Deputy Secretary (Scholarship)

Scanned with OKEN Scanner

## PRADHAN MANTRI UCHCHATAR SHIKSHA PROTSAHAN (PM-USP) YOJANA

## GUIDELINES FOR THE COMPONENT SCHEME – CENTRAL SECTOR SCHEME OF SCHOLARSHIP FOR COLLEGE AND UNIVERSITY STUDENTS (PM-USP CSSS)

**(Applicable for academic year 2022-23 onwards)**

### 1. Objective

To provide financial assistance to meritorious students from poor families to meet a part of their day-to-day expenses while pursuing higher studies.

### 2. Scope

The scholarships are awarded by Ministry of Education, Government of India on the basis of results of Higher Secondary / Class XII Board Examination. A maximum of 82,000 fresh scholarships per annum are provided for pursuing graduate / postgraduate degree in colleges and universities and for professional courses, such as Medical, Engineering etc.

### 3. Allocation of Scholarship

The total number of scholarships are divided amongst the State Education Boards based on the State's population in the age group of 18-25 years, after segregating share of CBSE and ICSE on the basis of number of students passing out from various Boards in the country. 50% of the scholarships are earmarked for girls. Out of the total scholarship slots earmarked for UTs of Jammu & Kashmir and Ladakh, 3% slots shall be earmarked for the students from the UT of Ladakh. The number of scholarships allotted to a State Education Board is distributed amongst pass outs of the Humanities, Science and Commerce streams in the ratio of 3:3:1. In case of shortfall in the number of applications, the scholarship slots shall be interoperable among categories (Gen, OBC, SC & ST), gender (Female, Male) and State Quota to maximize use of slots for fresh scholarships with effect from academic year 2022-23, subject to the condition that guidelines of Ministry of Finance and NITI Aayog regarding SC/ST fund allocation of the schemes are adhered to.

### 4. Eligibility for Scholarship

i. Students who are above $80^{th}$ percentile of successful candidates in the relevant stream from the respective Board of Examination in Class XII of 10+2 pattern or equivalent;

Scanned with OKEN Scanner

ii. Pursuing regular degree courses and **not** correspondence or distance mode or pursuing Diploma courses;

iii. Pursuing courses at colleges/institutions recognized by All India Council for Technical Education and respective Regulatory Bodies concerned;

iv. Not availing benefit of any other scholarship schemes including State run scholarship schemes/ fee waiver & reimbursement scheme;

v. Students with gross parental/family income upto **Rs. 4.5 lakh per annum** are eligible for scholarship under the scheme. Income certificate will be required only for the fresh applicants;

vi. Student changing his/ her college/institute of study will be allowed to continue/renew the scholarship provided the course of study and the institution is having valid AISHE Code; The AISHE code can be checked in the portal https://aishe.gov.in/aishe/aisheCode

vii. Students who missed to apply for renewal of application online on NSP will be allowed to apply for renewal of scholarship for subsequent year on NSP, if he/she fulfils eligibility condition for renewal;

viii. For renewal of scholarship in each year of study, besides getting at least 50% marks in the Annual Examination, maintenance of adequate attendance of at least 75%, will also be the criteria. Complaints against the student regarding any in disciplined or criminal behaviour including any complaints of having indulged in ragging, will lead to forfeiture of scholarship;

ix. Beneficiaries/ Applicants under the scheme must apply online in the National Scholarships Portal (www.scholarships.gov.in) for the fresh/ renewal scholarships. Fresh/Renewal applications sent directly to the Ministry of Education shall not be accepted.

## 5. Reservation

Students belonging to reserved categories/weaker sections /minorities etc. are eligible to get benefit of reservation on the basis of merit, subject to Central Reservation Policy [i.e. 15% seats are earmarked for SCs, 7.5% for STs and 27 % for OBCs and **5% horizontal reservation for students with Benchmark Disabilities (Disability of 40% or more)** in all the categories]. The Central Reservation Policy will be applicable in filling the slots against each year's target. If slots under a specific group is not filled after considering all the States/UTs, the vacant slots will be allocated to other categories so that maximum number of eligible students can get the benefit, subject to overall ceiling of slots.

Scanned with OKEN Scanner

6. **Procedure for Application**

i. The applications are received online only. Verification of credentials of the students like caste, educational qualifications etc. are done through DIGILOCKER facility of the MeITY, Govt. of India.

ii. National Scholarships Portal (NSP) (www.scholarships.gov.in) will provide the timelines for opening & closing of the portal.

iii. The Guidelines for application, verification, selection and disbursement of scholarship will be as per the NSP.

iv. Selection list would be generated/displayed on NSP.

v. Online applications will be verified at two levels i.e by the Institute, where the student is studying and thereafter by the concerned State Higher Education Department or any other Agency/ Official nominated by the State as State Nodal Agency (both for fresh and renewal applicants).

vi. Latest guideline on Timelines will be made available on NSP.

vii. Students will not be permanently debarred for scholarships due to delay to renew or verification. However, students will have to submit renewal applications within a cut-off date. Renewal for that year will not be allowed if an applicant misses this deadline.

7. **Rate and Duration of Scholarship (from financial year 2022-23)**

The rate of scholarship is Rs.12,000/-per annum at Graduation level for first three years of College and University courses and Rs.20,000/-per annum at Post-Graduation level. Students pursuing professional courses, in case, where the duration of course is five (5) years/Integrated course will get Rs. 20,000/-per annum in the 4th and 5th year. However, students pursuing technical courses such as B.Tech, B.Engg. will get scholarship up to graduation level only i.e. Rs. 12,000 p.a. for 1st, 2nd and 3rd year and Rs. 20,000 in the 4th year.

**Note:** The rate of scholarship is Rs.10,000/-per annum for first three years of fresh/ renewal scholarships with respect to academic year 2021-22, even if the actual release happens in FY 2022-23.

8. **Payment of Scholarship**

Students are required to have the bank accounts opened, especially, in their name for availing the benefits under the scheme. The scholarship will be disbursed directly into the savings bank accounts of the beneficiaries through Direct Benefit Transfer (DBT)

Scanned with OKEN Scanner

mode. The student can track their payment status from the template "Know Your Payment" in the Public Financial Management System (PFMS) portal [ https://pfms.nic.in/Users/LoginDetails/Login.aspx] either by indicating Aadhaar number or bank account number or NSP Application ID.

9. **For Colleges/Universities**

College and Universities will apprise the students about the "PM-USP CSSS" during admission. Aadhaar based authentication of Institute Nodal Officer (INO)/ State Nodal Officer (SNO) is mandatory for every Institution/State before verification of the applications. INO/SNO should be a regular employee.

10. **For State Government/State Boards**

Adequate publicity of the scheme may be initiated through the Schools/ Colleges/ Institutions to create awareness and to facilitate/ assist the applicants in rural area to apply for scholarship online on NSP.

11. **Grievance Redressal**

In case of any grievances/complaint regarding the above scheme, the same may be registered to the following link:

http://pgportal.gov.in/grievancenew.aspx

other than to the Nodal Officer whose email is available on NSP portal (Services Tab).

**Contact us:**

Section Officer
National Scholarship Division
Department of Higher Education, Ministry of Education,
West Block 1, 2nd Floor, Wing 6, Room No. 6,
R. K. Puram, Sector 1, New Delhi 110066.
**Tele: 011- 20862360**
**E-mail:** sonationalscholarship@gmail.com

******

Scanned with OKEN Scanner

# <u>માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના</u>

(ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/UOR-૬/ખ)

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં અરજી કરતા વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના**

## ➢ રજીસ્ટ્રેશન માટેની અગત્યની સુચના

1. વિદ્યાર્થીએ ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ના સીટ નંબરથી અને જો વિદ્યાર્થી ડીપ્લોમાં ટુ ડિગ્રી અભ્યાસક્રમ માટે અરજી કરતા હોય તો ડિપ્લોમાના એનરોલ્મેન્ટથી રજીસ્ટ્રેશન કરવું. જો કોઈ વિદ્યાર્થી દ્વારા અલગ નંબરથી કે ખોટી માહિતીથી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હશેતો તેઓનું **રજીસ્ટ્રેશન કેન્સલ/રદ કરવામાં આવશે નહી**.
2. વિદ્યાર્થીએ ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની ઓરીજીનલ માર્કશીટ મુજબ નામ લખવું
3. વિદ્યાર્થીએ સીટ નંબર નાખતી વખતે કોઇપણ સ્પેસ કે સ્પેશીયલ કેરેક્ટર(ઉદા., . " ? { ]) લખવું નહિ.
4. વિદ્યાર્થીએ ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની માર્કશીટ મુજબ પાસીંગ વર્ષ લખવુ (ઉદા.૨૦૨૩)
5. વિદ્યાર્થીએ પોતાનો જ મોબાઈલ નંબર આપવો અને સંપૂર્ણ અભ્યાસક્રમના સમયગાળા દરમ્યાન બદલવો નહિ. અગત્યની સૂચનાઓ એજ નંબર પર SMS દ્વારા આપવામાં આવશે.
6. વિદ્યાર્થીએ પોતાનો ૧૨ આંકડાનો આધારકાર્ડ નંબર વેરીફાય કરીને જ લખવો.
7. વિદ્યાર્થીએ પોતાના બેન્ક એકાઉન્ટની માહિતી સાચી લખવી.
8. વિદ્યાર્થીએ પોતાનું એક્ટીવ ઈ-મેઇલ આઈડી આપવું.
9. વિદ્યાર્થીએ પોતાની માર્કશીટમાં આપેલ મુજબ પર્સેન્ટેજ લખવા જો પર્સેન્ટેજ ઉપલબ્ધ ન હોય તો યુનિવર્સીટી/બોર્ડના નિયામુનુસાર પર્સેન્ટેજ ગણી તે લખવા.
10. જે વિદ્યાર્થીએ ડીપ્લોમાં ટુ ડીગ્રીમાં એડમીશન લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓએ ડિપ્લોમાનો એનરોલમેન્ટ નંબર લખવો.
11. ધોરણ-૧૨ આર્ટસ અને કોમર્સના વિદ્યાર્થીઓએ "General stream" સિલેક્ટ કરવું અને scienceના વિદ્યાર્થીઓએ 'science stream" સિલેક્ટ કરવું.

**<u>ખાસ નોધ: માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત લાભ મેળવવા લાભાર્થીઓએ ઉપર મુજબની માહિતી સાચી આપવાની રહેશે. જો વિદ્યાર્થીઓ દ્વારા અરજી કરતી વખતે કોઇપણ માહિતી ખોટી આપવામાં આવશે તો આપને વર્ષ-૨૦૨૩-૨૪માં આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી. સુધારા માટેના ઈ-મેલ પણ ધ્યાને લેવામાં આવશે નહી અને આપની અરજી નામંજૂર થશે તેની નોધ લેવી.</u>**

1. આ યોજના માટે નીચેની કેટેગરીમાં આવતા હોય તેવા વિદ્યાર્થીએ જ અરજી કરવી.
    - ૫૦%થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની કન્યાઓ

- યુધ્ધ,આતંકવાદ,નકસલવાદ જેવી ઘટનાઓમાં ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી રીતે વિકલાંગ થયા હોય તેવા જવાનોના સંતાનો
- શ્રમિક વાલીના બાળકો- ફકત ઈ-નિર્માણ કાર્ડ માન્ય રહેશે(કાર્ડનો નમુનો પોર્ટલ પર ઉપલબ્ધ છે.)
- ૪૦% કે તેથી થી વધુ વિકલાંગતા ધરાવતા વાલીના બાળકો અથવા વિદ્યાર્થી કે જે પોતે ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા હોય
- વિધવા મહિલાના બાળકો
- અનાથ બાળકો જેના માતા-પિતા બન્ને મરણ પામેલ હોય;
- ડીવોર્સી/ત્યકતા મહિલાના બાળકો

ઉપરની કેટેગરીમાં ન આવતા હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહિ. આ માટે જે તે કેટેગરી અંગે સક્ષમ સતાધિકારીનું પ્રમાણપત્ર અપલોડ કરવું આવશ્યક છે.

2. રજીસ્ટ્રેશન કરતા પહેલા અને રિન્યુઅલ અરજી કરતા પહેલા દરેક વિદ્યાર્થીએ **નોટીસબોર્ડ પરની બધી વિગતોની ખાસ સૂચનાઓ અચૂક વાંચી લેવી**. ત્યારબાદ જ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી અરજી માટે ફોર્મ ભરવું.
3. આપ અગત્યની સૂચનાઓ અને છેલ્લી તારીખને ધ્યાને લઇ સહાય મેળવવાથી વંચિત ન રહો તે માટે **દર અઠવાડિયે નિયમિત વેબસાઈટ જોતા રહેવી**.
4. માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અરજી કરવા માટે તલાટી-કમ મંત્રી/ મામલતદાર/તાલુકા વિકાસ અધિકારીની કચેરીમાંથી કઢાવેલ માતા-પિતાની આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. આથી વિદ્યાર્થીઓએ તેમનું રીઝલ્ટ આવ્યા પછી તરત જ આવકનું પ્રમાણપત્ર અચૂક કઢાવી લેવું. આવકનું પ્રમાણપત્ર તે કઢાવ્યાની તારીખથી ૩ વર્ષ માટે માન્ય હોય છે. તેથી રિન્યુઅલના વિદ્યાર્થીઓ માટે જો ૩ વર્ષ ચાલુ વર્ષમાં પૂર્ણ થતા હોય તો તરત જ નવું આવકનું પ્રમાણપત્ર (આવકનો દાખલો) કઢાવી લેવું. જેની દરેક વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.
5. જો ઓનલાઈન અરજી કર્યા બાદ દિન-૭માં હેલ્પ સેન્ટર ખાતે જઈને દસ્તાવેજોની ચકાસણી કરાવવી ફરજીયાત છે. જો હેલ્પ સેન્ટરમાં દસ્તાવેજોની ચકાસણી કરાવવામાં નહિ આવે તો તેમની ઓનલાઈન અરજી આપોઆપ રદ થશે અને તેઓએ પુનઃઓનલાઈન અરજી કરી દિન-૭માં દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે.

## ❖ **<u>ફ્રેશ અરજી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ સુચનાઓ:-</u>**

1. માર્ચ/એપ્રિલ-૨૦૨૩માં ધોરણ-૧૦/૧૨ની પરીક્ષા આપી ચાલુ વર્ષે ડિપ્લોમા/ડિગ્રી અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં કે ડીપ્લોમા પરીક્ષા પાસ કરી ચાલુ વર્ષે ડિગ્રીના પ્રથમ /બીજા વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તેઓએ ફ્રેશ વિદ્યાર્થી તરીકે અરજી કરવાની રહેશે. જયારે ગત વર્ષે ૨૦૨૨-૨૩ના વર્ષમાં માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ સહાય મેળવેલ હોય તો તેઓએ ચાલુ વર્ષે રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે અરજી કરવાની રહેશે.

   ફ્રેશ વિદ્યાથી:- પ્રથમ વર્ષની સહાય મેળવવા અરજી કરતા હોય તેવા વિદ્યાર્થી.(જેઓનું એડમીશન વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન થયેલ હોય)

   પ્રથમ રીન્યુઅલ :- બીજા વર્ષની સહાય મેળવવા અરજી કરતા હોય તેવા વિદ્યાર્થી

   બીજુ રીન્યુઅલ :- ત્રીજા વર્ષની સહાય મેળવવા અરજી કરતા હોય તેવા વિદ્યાર્થી

   ત્રીજું રીન્યુઅલ :- ચોથા વર્ષની સહાય મેળવવા અરજી કરતા હોય તેવા વિદ્યાર્થી

2. ગુજરાત રાજ્યની કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય અને તેમાં રીશફ્લીંગ કરવા માંગતા વિદ્યાર્થીઓએ તેઓનો **<u>પ્રવેશ કન્ફર્મ થાય અને તેઓ રીશફલીંગમાં જવા ન માંગતા હોય ત્યારે જ</u>** ઓનલાઈન અરજી કરવી. એડમીશનના રાઉન્ડ ચાલતા રહેશે ત્યાં સુધી છેલ્લા રાઉન્ડ પછીના ૧૫ દિવસ સુધી તારીખ લંબાવવામાં આવશે જેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

## ❖ **<u>રિન્યુઅલ અરજી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ સુચનાઓ:-</u>**

1. જયારે ગત વર્ષે ૨૦૨૨-૨૩ના વર્ષમાં માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ સહાય મેળવેલ હોય તો તેઓએ ચાલુ વર્ષે રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે અરજી કરવાની રહેશે.
2. દરેક વિદ્યાર્થીએ છેલ્લી તારીખ પહેલા ઓનલાઈન અરજી કરવી અને હેલ્પ સેન્ટરમાં દસ્તાવેજોની ચકાસણી કરાવવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીને
   a. યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા મોડી લેવાના કારણે પરિણામ આવેલ ન હોય.
   b. યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોય
   c. પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપવાની હોય અને યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોય
   d. પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપેલ હોય અને પરિણામ આવેલ ન હોય
   e. અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરેલ હોય અને તેનું પરિણામ આવેલ ન હોય.

f. અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરતા પરિણામ સુધરેલ હોય પરંતુ યુનિવર્સીટી/કોલેજ પાસેથી પરિણામ ન મળેલ હોય.
g. ઓનલાઈન પરિણામ મળેલ હોય પરંતુ તેની હાર્ડ કોપી મળેલ ન હોય.

ઉપરના તમામ કિસ્સામાં વિદ્યાર્થીએ **એનેક્ષર-૭**માં આપેલ સેલ્ફ ડીકલેરેશન અપલોડ કરવાનું રહેશે અને છેલ્લી તારીખ પહેલા અચૂક અરજી કરવાની રહેશે. **છેલ્લી તારીખ બાદ વિદ્યાર્થીની કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ**. ઉપરના કિસ્સામાં જયારે યુનિવર્સીટી/કોલેજ પાસેથી જયારે વિદ્યાર્થીને માર્કશીટ મળે ત્યારે આ માર્કશીટ દિન-૭માં ઓનલાઈન અપલોડ કરી તેની હેલ્પ સેન્ટરમાં જઈ અચૂક ચકાસણી કરાવવાની રહેશે.

3. જો આપે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં આવકનું પ્રમાણપત્ર કઢાવેલ હોય તો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં તેની ૩ વર્ષની માન્યતા પૂર્ણ થયેલ હોઈ આપે તાત્કાલિક નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં નવું આવકનું પ્રમાણપત્ર મેળવીને અપલોડ કરવું. જુનું આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ **તેમજ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કઢાવેલ** આવકનું પ્રમાણપત્ર પણ માન્ય ગણવામાં આવશે નહિ.
4. ઉક્ત દર્શાવેલ મુજબ જો કોઈ વિદ્યાર્થી **એનેક્ષર-૭**માં આપેલ **સેલ્ફ ડિક્લેરેશન** અપલોડ કરે તો તેમને સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્રમાં પણ **એનેક્ષર-૭**માં આપેલ **સેલ્ફ ડિક્લેરેશન** અપલોડ કરવાનું રહેશે. અને જેમ પરિણામ આવતા ઓરિજિનલ માર્કશીટ અપલોડ કરવાની સાથે સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલનું પ્રમાણપત્ર લઈને દિન-૧૫માં અપલોડ કરવાનું રહેશે.

ઉક્ત બાબતે કોઈપણ મુશ્કેલી જણાય તો કેસીજી કચેરીનો **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા** રૂબરૂમાં સંપર્ક કરવો.

## ❖ ફ્રેશ વિદ્યાર્થીઓ માટે લાયકાતના ધોરણો

1. ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી, ડીપ્લોમા અભ્યાક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, ડિપ્લોમાની પરીક્ષા પાસ કરી ડિગ્રી અભ્યાક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ કે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અને
2. રૂ.૪.૫ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

## ❖ રિન્યુઅલ વિદ્યાર્થીઓ માટે લાયકાતના ધોરણો

1. ફ્રેશ વિદ્યાર્થી તરીકે લાભ મેળવ્યા બાદ રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્કસ સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે અને
2. જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે. જે અંગે સંસ્થાનું પ્રમાણપત્ર જરૂરી છે. (પ્રમાણપત્રોનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે).

## ❖ ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા

1. ફ્રેશ વિદ્યાર્થીએ સૌપ્રથમ https://scholarships.gujarat.gov.in/ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
   - જે વિદ્યાર્થીને રજીસ્ટ્રેશન કરવામાં મુશ્કેલી જણાય તો તેમને cmss-kcg@gujgov.edu.in પર ૧) એડમિશન લેટર ૨) આધાર કાર્ડ અને 3) 10th/12th/Diplomaની માર્કશીટ ઈ-મેઈલ કરવાના રહેશે.
   - રજીસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર User-id અને Password generate થશે.
   - ત્યારબાદ નવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લીકેશન પર ક્લિક કરવાનું રહેશે. અને User-id અને Password વડે લોગ ઇન કરવાનું રહેશે.
2. રિન્યુઅલ વિદ્યાર્થીએ સૌપ્રથમ https://scholarships.gujarat.gov.in/ પોર્ટલ પર લોગ ઇન કરવાનું રહેશે.
   - રિન્યુઅલ અરજી કરતી વખતે જે વિદ્યાર્થીને લોગ ઇન કરવામાં મુશ્કેલી જણાય તો તેમને cmss-kcg@gujgov.edu.in પર ૧) એડમિશન લેટર ૨) આધાર કાર્ડ અને 3) પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટ ઈ-મેઈલ કરવાના રહેશે.
   - જો રિન્યુઅલ અરજી કરતી વખતે મોબાઈલ નંબર બદલાઈ ગયો હોય તો વિદ્યાર્થીએ ફોરગેટ પાસવર્ડ કરીને નવો મોબાઈલ નંબર નાખવાનો રહેશે(ખાસ કિસ્સામાં જ બાકી લાભાર્થીએ અભ્યાસક્રમના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર બદલવો નહિ).
   - રિન્યુઅલ અરજી માટે વિદ્યાર્થીએ રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર User-id અને Password વડે રિન્યુઅલ એપ્લીકેશનમાં ક્લિક કરી લોગ ઇન કરવાનું રહેશે.
3. લોગ ઇન થયા પછી માંગવામાં આવેલ વિગતો ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના ઓરીજીનલ દસ્તાવેજ સ્કેન કરીને

ઓનલાઈન ફોર્મ સાથે અપલોડ કરવાના રહેશે. તમામ ડોક્યુમેન્ટ JPEG/JPG ફોરમેટમાં અપલોડ કરવાના રહેશે. દસ્તાવેજ .pdf ફોરમેટમાં હોય તો મહત્તમ 1 mb અને .jpg /.jpeg ફોરમેટમાં હોય તો મહત્તમ 512 kb સાઈઝમાં હોવા જોઈએ

4. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ લઈ નજીકના હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી સાથે સ્વ-પ્રમાણિત દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.
5. રાજ્યભરમાં ૩૦૦થી વધુ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ દિન-૭માં **<u>પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર</u>** ખાતે જઈ અસલ અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી પત્રક અને દસ્તાવેજોનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી જમા કરાવીને Acknowledgement Receipt મેળવવાની રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી ચકાસણી કરાવેલ હોય અને તેની Acknowledgement Receipt મેળવેલ હશે એજ વિદ્યાર્થીઓની અરજી મંજૂર/નામંજૂર અંગેની આગળની કાર્યવાહી થશે.
6. વિદ્યાર્થી વેબસાઈટ પર પોતાના યુઝર આઈ.ડી. અને પાસવર્ડથી લોગઈન કરીને પોતાની ઓનલાઈન અરજીનું સ્ટેટસ જાણી શકશે.
7. આ ઉપરાંત વિદ્યાર્થીની અરજી સંબંધી જરૂર જણાય તો સંબંધિત કચેરી વિદ્યાર્થીના પરિણામ, કૌટુંબિક આવકને લગતા કે અન્ય જરૂરી વધારાના દસ્તાવેજો માંગી શકે છે.
8. હેલ્પ સેન્ટરોના કો-ઓર્ડીનેટરોની વિગતો વેબસાઈટ પર રાખેલ છે જેઓનો કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમ્યાન જ સંપર્ક કરવા વિદ્યાર્થીઓ તથા વાલીઓને ખાસ નમ્ર વિનંતી છે.

❖ **<u>વિદ્યાર્થીએ જે ગ્રુપ સિલેક્ટ કરી અરજી કરી છે,તેનાં પ્રમાણપત્રની નકલ તેમણે રજુ કરવાની રહેશે તેની યાદી નીચે મુજબ છે. (વિદ્યાર્થીને લાગુ પડતા પ્રમાણપત્રો જ રજુ કરવાના રહેશે.)</u>**

a) શ્રમિક કાર્ડ ફકત ઈ-નિર્માણ કાર્ડ માન્ય રહેશે(કાર્ડનો નમુનો પોર્ટલ પર ઉપલબ્ધ છે.)
b) સૈનિક વેલ્ફર બોર્ડનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
c) વિકલાંગતાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
d) જાતિનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

e) માતા પિતા અલગ થયાના પુરાવા (કોર્ટનો ચુકાદો)

f ) માતા/પિતાનું મરણનું પ્રમાણપત્ર

g) અનાથ આશ્રમનું પ્રમાણપત્ર

h) વિધવા હોવાનું પ્રમાણપત્ર

i ) ત્યકતા હોવાનું રૂ.૧૦૦ના સ્ટેમ પેપર પર એફિડેવિટ

- **આ ઉપરાંત વિદ્યાર્થીની અરજી મંજુર કરવા જરૂર જણાય તો કચેરી વિદ્યાર્થીના પરિણામ તથા કૌટુંબિક આવકને લગતા વધારાના દસ્તાવેજો માંગી શકે છે.**

❖ **<u>List of Documents for Fresh Application 2023-24</u>**

1. આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
2. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ પાસ કર્યાની માર્કશીટની સ્વ-પ્રમાણિત નકલ,
3. ડીગ્રી /ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિનો લેટરની સ્વ-પ્રમાણિત નકલ,
4. ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ,
5. સેલ્ફ ડિક્લેરેશન(અસલમાં),
6. વાલીની આવકનું પ્રમાણપત્ર(તલાટી/મામલતદાર/તાલુકા વિકાસ અધિકારીનું)ની સ્વ-પ્રમાણિત નકલ,
7. સંસ્થાના આચાર્યશ્રીનુ, સંસ્થાના લેટરહેડ પર,પ્રમાણપત્ર(અસલમાં),
8. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ,
9. બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ

❖ **<u>List of Documents for Renewal Application 2023-24</u>**

1. વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ (સ્વપ્રમાણિત)
2. સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)
3. વિદ્યાર્થીના પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ) નકલ (સ્વપ્રમાણિત)
4. વિદ્યાર્થીએ અભ્યાસક્રમના બીજા/ત્રીજા/ચોથા (જે લાગુ પડતું હોય તે વર્ષ)માં ફી ભર્યાની તમામ પહોંચની નકલ(સ્વપ્રમાણિત)
5. વિદ્યાર્થીના બેન્કના બચત ખાતાની પાસબુકનું પ્રથમ પાનાની નકલ(સ્વપ્રમાણિત)

## ❖ **<u>પેન્ડીંગ અરજીઓ માટે અગત્યની સૂચનાઓ</u>**

- જે વિદ્યાર્થીઓની અરજી યોગ્ય દસ્તાવેજો ન હોવાના કારણે પેન્ડીંગ રાખવામાં આવેલ હોય, તે વિદ્યાર્થીઓએ નીચે મુજબની સુચના ખાસ ધ્યાને લેવાની રહેશે:

1. વિદ્યાર્થીઓએ માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઈટ પર જઈને "Student Status"માં લોગ ઇન કરવાનું રહેશે.
2. વિદ્યાર્થીઓએ Student Statusમાં લોગ ઇન કર્યા બાદ જો તેઓનું સ્ટેટ્સ પેન્ડીંગ હશે તો તેઓને "Upload pending document now"માં જઈને ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે ઓપ્શન બતાવશે Other. જો વિદ્યાર્થીઓના સ્ટેટ્સમાં other ઓપ્શન પેન્ડીંગ હોય તો તેઓએ Other ઓપ્શન સિલેક્ટ કરી Student Status માં Remarksમાં કચેરી દ્વારા જે દસ્તાવેજો મંગાવવામાં આવ્યા હોય તે જ દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.
3. વિદ્યાર્થી દ્વારા ૩થી વધુ વખત ખોટા દસ્તાવેજો અપલોડ કરવામાં આવશે તો તેઓની અરજી રદ કરવામાં આવશે. પરિણામે, એક જ દસ્તાવેજ ફરી અપલોડ કરતા અરજી પેન્ડીંગમાં રાખવામાં આવે અને તે દસ્તાવેજ ફરી માંગવામાં આવે તો માર્ગદર્શન માટે જરૂર જણાય તો હેલ્પ સેન્ટર કે સબંધિત કચેરીએ **<u>છેલ્લી તારીખ પહેલા</u>** રૂબરૂ સંપર્ક કરવાનો હિતાવહ છે.

- **તમામ વિદ્યાર્થીઓએ આ સહાય અંગેની કોઇ પણ પ્રકારની માહિતી, મુંઝવણ માટે નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, PRL સામે, એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ ખાતે રૂબરૂ મુલાકાત લેવાની રહેશે.**

- **યોજનાની વધુ માહિતી કામકાજના દિવસોમાં હેલ્પ લાઈન નં: ૦૭૯-૨૬૫૬૬૦૦૦, ૭૦૪૩૩૩૩૧૮૧ (૧૦:૩૦ થી ૧૮:૦૦) પરથી મળી શકશે.**

| | |
|---|---|
| સત્યમેવ જયતે | **ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,**<br>શિષ્યવૃત્તિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦. |

<u>તાત્કાલિક/અગત્યનું</u>  જા.નંબર : ઙ-૨/સ્કો/CSSS/૨૦૨૪/ ૨૭૭૦  તા.૦૫/૦૮/૨૦૨૪

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી, તમામ સરકારી અને સ્વનિર્ભર યુનિવર્સિટી,
આચાર્યશ્રી, તમામ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો,
જિ. ........... (તમામ),
ગુજરાત.

વિષય : "Central Sector Scheme of Scholarship for College and University Students"- ૨૦૨૪.

સંદર્ભ: section officer (NS-1), D/o Higher Education, Ministry of Education, New Delhi નો પત્ર ક્રમાંક 1-39/2018 NS-1, તા.24/07/2024.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીની PM-USP "Central Sector Scheme of Scholarship for College and University Students" યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માટે, યોજનાની ફ્રેશ તેમજ રિન્યુઅલ ઓનલાઇન અરજી મેળવવા માટે તા.30/0૬/૨૦૨૪ થી નેશનલ સ્કોલરશીપ પોર્ટલ (NSP) ખોલવામાં આવ્યું છે. યોજનાને લગતી માહિતી તેમજ ગાઇડ લાઇન આ સાથે સામેલ રાખેલ છે. જે ધ્યાને લેવા તેમજ આપના હસ્તકની કોલેજોને સૂચના આપી આ યોજનામાં વધુમાં વધુ ફ્રેશ તેમજ રિન્યુઅલ અરજીઓ મેળવવા માટે બહોળી પ્રસિદ્ધિ કરવા વિનંતી છે.

<u>બિડાણ:</u>

(૧) યોજનાની માહિતીનું બુલેટિન.

(૨) યોજનાની ગાઇડ લાઇન.

(3) Ministry of Education, New Delhi નો તા.24/07/2024 નો પત્ર.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગાંધીનગર.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

શિષ્યવૃત્તિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

**"સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટસ" વર્ષ-૨૦૨૪-૨૫ યોજના અન્વયે ફ્રેશ તથા રીન્યુઅલના અરજદારને ઓનલાઇન અરજી કરવા બાબત.**

"સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" યોજના હેઠળ ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪ માં લેવાયેલી ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષામાં સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહમાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ સાથે ઉત્તિર્ણ કરેલ હોય તથા જેના વાલીની વાર્ષિક આવક રૂ. ૪,૫૦,૦૦૦/- સુધી હોય, તેવા વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે ઓનલાઇન અરજી કરી શકશે. શિષ્યવૃત્તિ માટેની વધુ માહિતી **National e-Scholarship Portal** www.scholarships.gov.in ની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ સુધીમાં જે વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃત્તિની યોજના હેઠળ લાભ મેળવેલ છે તેમજ વર્ષ ૨૦૨૪માં રિન્યુઅલ શિષ્યવૃત્તિ મેળવવા માટે લાયકાત ધરાવતા હોય તેઓએ **National e-Scholarship Portal** www.scholarships.gov.in ની વેબસાઇટ પર રીન્યુઅલ માટે ઓનલાઇન અરજી ફોર્મ ભરવાનું રહેશે. ઉક્ત તમામ વિદ્યાર્થીઓએ તા.૩૧/૧૦/૨૦૨૪ સુધીમાં ફક્ત ઓનલાઇન પદ્ધતિથી અરજી કરવાની રહેશે. આ શિષ્યવૃત્તિ DBT(Direct Benefit Transfer) હેઠળ મળવાપાત્ર હોઇ, તેઓનું બેંક અકાઉન્ટ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ખોલાવવાનું રહેશે. તેમજ બેંક અકાઉન્ટ આધાર સાથે લિન્ક હોવુ ફરજિયાત છે. **તેમજ સુધારેલી ગાઇડ લાઇન મુજબ " જે વિદ્યાર્થીઓ NSP પોર્ટલ પર ગયા વર્ષે રિન્યુઅલ અરજી કરવાનું ચુકી ગયા છે. તેઓને અનુગામી વર્ષ માટે રિન્યુઅલ માટે અરજી કરવાની મંજુરી આપવામાં આવશે, જો વિદ્યાર્થી તે માટે લાયકાતની શરત પૂરી કરે." આવા અરજદારોએ રિન્યુઅલ માટેની યોગ્યતાની ખાતરી કરવા માટે માન્ય ડોક્યુમેન્ટ સાથે મંત્રાલયનો સંપર્ક કરવાનો રહેશે અને ચકાસણી કર્યા પછી, મંત્રાલય તેમને વર્ષ ૨૦૨૪-૨૫ માટે પાત્ર બનાવશે.**

ઓનલાઇન અરજી કર્યા બાદ વિદ્યાર્થીએ જરૂરી ડોક્યુમેન્ટ સાથે જે તે સંસ્થા કે કોલેજમાં વેરીફિકેશન કરાવવુ ફરજીયાત છે. તેમજ સંસ્થા કે કોલેજ દ્વારા પણ વિદ્યાર્થીનું ઓનલાઇન વેરીફિકેશન નિયત સમયમર્યાદામાં થાય તે સુનિશ્ચિત કરવાનું રહે છે. આ શિષ્યવૃત્તિના અરજી ફોર્મ કે કોઇપણ પ્રકારના ડોક્યુમેન્ટ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેતા નથી. આ શિષ્યવૃત્તિમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વિદ્યાર્થી કોઇ એક જ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લઇ શકશે. જો કોઇ વિદ્યાર્થી અન્ય શિષ્યવૃત્તિનો લાભ મેળવતા હોવાની જાણ થશે તો આ શિષ્યવૃત્તિમાંથી Reject કરવામાં આવશે. ઓનલાઇન ફોર્મ ભરવામાં મુશ્કેલી જણાય તો scholarshipche10@gmail.com પર Mail કરશો.

નોંધ- ફ્રેશ વિદ્યાર્થીઓએ કોલેજમાં એડમિશન થયા બાદ તેમજ રીન્યુઅલ વિદ્યાર્થીઓએ તેઓનું પરિણામ જાહેર થયા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

હેલ્પ લાઈન નં. ૦૭૯ ૨૩૨ ૫૪૦૨૨ (કચેરી સમય દરમિયાન)

Scanned with OKEN Scanner

# Important Instruction 2024-25 મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

## ❖ વિદ્યાર્થીઓ માટે ખાસ સુચનાઓ:-

1. રજીસ્ટ્રેશન કરતા પહેલા અને રિન્યુઅલ અરજી કરતા પહેલા દરેક વિદ્યાર્થીએ વેબસાઈટ પરના **નોટીસ બોર્ડની બધી વિગતો અચૂક વાંચી લેવી**. ત્યારબાદ જ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી અરજી માટે ફોર્મ ભરવું.
2. વિદ્યાર્થી અગત્યની સૂચનાઓ અને છેલ્લી તારીખને ધ્યાને લઇ સહાય મેળવવાથી વંચિત ન રહે તે માટે **દર અઠવાડિયે નિયમિત વેબસાઈટ જોતા રહેવી**.
3. મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીઓએ શિડયુલ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ બેન્ક ખાતા સાથે વિદ્યાર્થીઓએ પોતાના આધાર નંબર અચૂક જોડવાના રહેશે.
   a. વિદ્યાર્થીના બેન્ક ખાતા સાથે આધાર નંબર જોડાયેલ (Aadhar seeding) છે કે નહિ તે આ લિંક **https://resIDent.uIDai.gov.in/bank-mapper** પર જોઈ શકાશે. જો બેન્ક ખાતા સાથે આધાર નંબર જોડાયેલ નહિ હોય તો સહાય બેન્ક ખાતામાં જમા થશે નહિ. તેથી વિદ્યાર્થીએ બેન્કમાં જઈ આધારકાર્ડની નકલ આપી બેન્ક ખાતા સાથે આધાર નંબર લિંક કરાવાનો રહેશે.
   b. આધાર નંબર બેન્ક ખાતા સાથે લિંક થઈ જાય તો જ સહાયનું ચુકવણું થઈ શકશે. **તેની ખાસ નોંધ લેવી**.
4. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી કરવા માટે મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/તલાટી-કમ મંત્રીની કચેરીમાંથી કઢાવેલ માતા-પિતાની આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. રૂ.૫ લાખ સુધીની આવક માટે જે-તે ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયત ખાતે રહેતા વ્યક્તિ માટે સંબધિત ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયતના તલાટી-કમ મંત્રી અથવા મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવકનું પ્રમાણપત્ર તે કઢાવ્યા તારીખથી ૩ વર્ષ માટે માન્ય હોય છે. તેથી રિન્યુઅલના વિદ્યાર્થીઓ માટે જો ૩ વર્ષ ચાલુ વર્ષે પૂર્ણ થતા હોય તો તરત જ નવું આવકનું પ્રમાણપત્ર કઢાવી લેવું.
5. ઓનલાઈન અરજી કર્યા બાદ દિન-૭માં હેલ્પ સેન્ટર ખાતે જઈને દસ્તાવેજોની ચકાસણી કરાવવી ફરજીયાત છે. જો હેલ્પ સેન્ટરમાં દસ્તાવેજોની ચકાસણી કરાવવામાં નહિ આવે તો તેમની ઓનલાઈન અરજી આપોઆપ રદ થશે. પરિણામે, આવા વિદ્યાર્થીઓએ

પુનઃઓનલાઈન અરજી કરી હેલ્પ સેન્ટરમાં જઈને દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી છેલ્લી તારીખ પહેલા પૂર્ણ કરવાની રહેશે.

6. વિદ્યાર્થીએ મોબાઈલ નંબર પોતાનો જ આપવો, અને સમગ્ર અભ્યાસક્રમનાં સમયગાળા દરમ્યાન બદલવો નહી, અગત્યની સૂચનાઓ એજ નંબર પર SMS દ્વારા આપવામાં આવશે.

## ❖ ફ્રેશ અરજી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ સૂચનાઓ:-

1. ધોરણ-૧૦ કે ૧૨ની પરીક્ષા પાસ કરી ચાલુ વર્ષે ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં કે ડીપ્લોમાની પરીક્ષા પાસ કરી ચાલુ વર્ષે ડિગ્રીના પ્રથમ /બીજા વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તેઓએ ફ્રેશ વિદ્યાર્થી તરીકે અરજી કરવાની રહેશે.

   જયારે ગત વર્ષે ૨૦૨૩-૨૪ના વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય મેળવેલ હોય તો તેઓએ ચાલુ વર્ષે રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે અરજી કરવાની રહેશે.

2. ગુજરાત રાજ્યની કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય અને તેમાં રીશફ્લીંગ કરવા માંગતા વિદ્યાર્થીઓએ તેઓનો **પ્રવેશ કન્ફર્મ થાય અને તેઓ રીશફલીંગમાં જવા ન માંગતા હોય ત્યારે જ** ઓનલાઈન અરજી કરવી. એડમીશનના રાઉન્ડ ચાલતા રહેશે ત્યાં સુધી છેલ્લા રાઉન્ડ પછીના ૧૫ દિવસ સુધી તારીખ લંબાવવામાં આવશે જેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

## ❖ ફ્રેશ વિદ્યાર્થીઓ માટે લાયકાતના ધોરણો

1. ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ.
2. ડીપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડીગ્રી(સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમનાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓ.
3. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત સ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ
4. MBBSમાં NEETના આધારે એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓ
5. રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

## ❖ રિન્યુઅલ વિદ્યાર્થીઓ માટે લાયકાતના ધોરણો

1. ફ્રેશ વિદ્યાર્થી તરીકે લાભ મેળવ્યા બાદ રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે વર્ષમાં ઓછામાં ઓછા ૫૦% માર્કસ સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે

2. જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે. જે અંગે સંસ્થાનું પ્રમાણપત્ર જરૂરી છે. (ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે).

## ❖ રિન્યુઅલ અરજી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ સુચનાઓ:-

1. દરેક વિદ્યાર્થીએ છેલ્લી તારીખ પહેલા ઓનલાઈન અરજી કરવી અને હેલ્પ સેન્ટરમાં દસ્તાવેજોની ચકાસણી કરાવવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીને
   a. યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા મોડી લેવાના કારણે પરિણામ આવેલ ન હોય.
   b. યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોય
   c. પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપવાની હોય અને યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોય
   d. પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપેલ હોય અને પરિણામ આવેલ ન હોય
   e. અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરેલ હોય અને તેનું પરિણામ આવેલ ન હોય.
   f. અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરતા પરિણામ સુધરેલ હોય પરંતુ યુનિવર્સીટી/કોલેજ પાસેથી પરિણામ ન મળેલ હોય.
   g. ઓનલાઈન પરિણામ મળેલ હોય પરંતુ તેની હાર્ડ કોપી મળેલ ન હોય.
   h. કોઈ કારણોસર કોલેજ/યુનિવર્સીટીમાંથી સંસ્થાના વડા દ્વારા ફ્રેશ/રિન્યુઅલ અરજી કરવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ ન હોય.

ઉપરના તમામ કિસ્સામાં જો અરજી કરવાની છેલ્લી તારીખને એક જ અઠવાડિયું બાકી રહેલ હોય તો આવા વિદ્યાર્થીઓએ **એનેક્ષર-૯**માં આપેલ સેલ્ફ ડીકલેરેશન અપલોડ કરી છેલ્લી તારીખ પહેલા અચૂક અરજી કરવાની રહેશે. **છેલ્લી તારીખ બાદ વિદ્યાર્થીની કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ**. ઉપરના કિસ્સામાં જયારે યુનિવર્સીટી/કોલેજ પાસેથી વિદ્યાર્થીને માર્કશીટ મળે કે સંસ્થાના વડાનું પ્રમાણપત્ર ત્યારે આ માર્કશીટ/પ્રમાણપત્ર દિન-૭માં ઓનલાઈન અપલોડ કરી તેની હેલ્પ સેન્ટરમાં જઈ અચૂક ચકાસણી કરાવવાની રહેશે.

જો વિદ્યાર્થીએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં આવકનું પ્રમાણપત્ર કઢાવેલ હોય તો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેની ૩ વર્ષની માન્યતા પૂર્ણ થતી હોઈ તેઓએ તાત્કાલિક નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં નવું આવકનું પ્રમાણપત્ર મેળવીને અપલોડ કરવું. જૂનું આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ **તેમ જ તા.૦૧/૦૪/૨૦૨૫ પછી** આવકનું પ્રમાણપત્ર કઢાવવામાં આવશે તો તે પણ માન્ય ગણવામાં આવશે નહિ. જેની અચૂક નોંધ લેવી.

2. જો કોઈ વિદ્યાર્થી **annexure-9**માં આપેલ **સેલ્ફ ડિક્લેરેશન** અપલોડ કરે તો તેમને સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્રમાં પણ **annexure-9**માં આપેલ **સેલ્ફ ડિક્લેરેશન** અપલોડ કરવાનું રહેશે. અને પરિણામ આવતા ઓરિજિનલ માર્કશીટ અપલોડ કરવાની સાથે સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલનું પ્રમાણપત્ર લઈને દિન-૭માં અપલોડ કરવાનું રહેશે.

ઉક્ત બાબતે કોઈ પણ મુશ્કેલી જણાય તો કેસીજી કચેરીનો **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા** રૂબરૂમાં સંપર્ક કરવો.

## ❖ ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા

1. ફ્રેશ વિદ્યાર્થીએ સૌ પ્રથમ https://mysy.guj.nic.in પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
   - જો વિદ્યાર્થીને રજીસ્ટ્રેશન કરવામાં મુશ્કેલી જણાય તો તેમણે mysy-kcg@gujgov.edu.in પર ૧) એડમિશન લેટર ૨) આધાર કાર્ડ અને ૩) 10th/12th/Diplomaની માર્કશીટ ઈ-મેઈલ કરવાના રહેશે.
   - રજીસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર User-ID અને Password generate થશે.
   - ત્યારબાદ વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લીકેશન પર ક્લિક કરવાનું રહેશે. User-ID અને Password વડે લોગ ઇન કરવાનું રહેશે.
2. રિન્યુઅલ વિદ્યાર્થીએ સૌ પ્રથમ https://mysy.guj.nic.in પોર્ટલ પર લોગ ઇન કરવાનું રહેશે.
   - રિન્યુઅલ અરજી કરતી વખતે જે વિદ્યાર્થીને લોગ ઇન કરવામાં મુશ્કેલી જણાય તો તેમણે mysy-kcg@gujgov.edu.in પર ૧) એડમિશન લેટર ૨) આધાર કાર્ડ અને ૩) પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટ ઈ-મેઈલ કરવાના રહેશે.
   - રિન્યુઅલ અરજી કરતી વખતે મોબાઈલ નંબર બદલાઈ ગયો હોય તો વિદ્યાર્થીએ **નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, PRL સામે, એલ.ડી કોલેજ ઓફ**

**એન્જિનિયરીંગની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ ખાતે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા રૂબરૂ મુલાકાત લેવાની રહેશે અને પોતાનો મોબાઈલ નંબર બદલાવવાનો રહેશે.**

- રિન્યુઅલ અરજી માટે વિદ્યાર્થીએ રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર User-ID અને Password વડે રિન્યુઅલ એપ્લીકેશનમાં ક્લિક કરી લોગ ઇન કરવાનું રહેશે.

3. વિદ્યાર્થીએ પોર્ટલ પર લોગ ઇન થયા પછી માંગવામાં આવેલ વિગતો ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના ઓરીજીનલ દસ્તાવેજ સ્કેન કરીને ઓનલાઈન ફોર્મ સાથે અપલોડ કરવાના રહેશે. દસ્તાવેજ .pdf ફોરમેટમાં હોય તો મહત્તમ 1 MB અને .jpg /.jpeg ફોરમેટમાં હોય તો મહત્તમ 512 KB સાઈઝમાં હોવા જોઈએ
4. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ દિન-૭માં અરજીની પ્રિન્ટ લઈ નજીકના હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી સાથે સ્વ-પ્રમાણિત દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.
5. રાજ્યભરમાં ૩૦૦થી વધુ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ દિન-૭માં **પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર** ખાતે જઈ અસલ અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી પત્રક અને દસ્તાવેજોનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી જમા કરાવીને Acknowledgement Receipt મેળવવાની રહેશે. **હેલ્પ સેન્ટર ખાતે અરજી ચકાસણી કરાવેલ હોય અને તેની Acknowledgement Receipt મેળવેલ હશે એજ વિદ્યાર્થીઓની અરજી મંજૂર/નામંજૂર અંગેની આગળની કાર્યવાહી થશે.**
6. વિદ્યાર્થી વેબસાઈટ પર પોતાના User-ID અને પાસવર્ડથી લોગઈન કરીને પોતાની ઓનલાઈન અરજીનું સ્ટેટસ જાણી શકશે.
7. આ ઉપરાંત વિદ્યાર્થીની અરજી સંબંધી જરૂર જણાય તો સંબંધિત કચેરી વિદ્યાર્થીના પરિણામ, કૌટુંબિક આવકને લગતા કે અન્ય જરૂરી વધારાના દસ્તાવેજો માંગી શકે છે.
8. હેલ્પ સેન્ટરની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે જેઓનો કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમ્યાન જ સંપર્ક કરવા વિદ્યાર્થીઓ તથા વાલીઓને ખાસ નમ્ર વિનંતી છે.

## ❖ List of Documents for Fresh Application 2024-25

1. વિદ્યાર્થીના આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
2. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ પાસ કર્યાની માર્કશીટની સ્વ-પ્રમાણિત નકલ,

3. ડિગ્રી /ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિના લેટરની સ્વ-પ્રમાણિત નકલ,
4. ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ,
5. સેલ્ફ ડિક્લેરેશન(અસલમાં),
6. વાલીની આવકના પ્રમાણપત્રની સ્વ-પ્રમાણિત નકલ, (મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી કરવા માટે મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/તલાટી-કમ મંત્રીની કચેરીમાંથી કઢાવેલ માતા-પિતાની આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. રૂ.૫ લાખ સુધીની મર્યાદા માટે જે-તે ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયત ખાતે રહેતા વ્યક્તિ માટે સંબધિત ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયતના તલાટી-કમ મંત્રી અથવા મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.)
7. સંસ્થાના આચાર્યશ્રીનુ સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર(અસલમાં),
8. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ અથવા ભાડા કરાર
9. વિદ્યાર્થીના બેન્કના બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ/કેન્સલ ચેકની નકલ (બેંક એકાઉન્ટ નંબર અને IFSC સ્પષ્ટ દેખાય તેવી)

## ❖ List of Documents for Renewal Application 2024-25

1. વિદ્યાર્થીના આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
2. સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)
3. વિદ્યાર્થીના પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ) સ્વ-પ્રમાણિત નકલ
4. વિદ્યાર્થીએ અભ્યાસક્રમના બીજા/ત્રીજા/ચોથા (જે લાગુ પડતું હોય તે વર્ષ)માં ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ
5. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ અથવા ભાડા કરાર
6. વિદ્યાર્થીના બેન્કના બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ/કેન્સલ ચેકની નકલ (બેંક એકાઉન્ટ નંબર અને IFSC સ્પષ્ટ દેખાય તેવી)
7. વાલીની આવકના પ્રમાણપત્રની સ્વ-પ્રમાણિત નકલ, (જો આપે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં આવકનું પ્રમાણપત્ર કઢાવેલ હોય તો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેની ૩ વર્ષની માન્યતા પૂર્ણ થયેલ હોઈ આપે તાત્કાલિક નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં નવું આવકનું પ્રમાણપત્ર મેળવીને અપલોડ કરવું. જુનું આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ **તેમજ તા.૦૧/૦૪/૨૦૨૫ પછી કઢાવેલ** આવકનું પ્રમાણપત્ર પણ માન્ય ગણવામાં આવશે નહિ.)

## Important Instruction 2024-25 મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

### ❖ પેન્ડીંગ અરજીઓ માટે અગત્યની સૂચનાઓ

- જે વિદ્યાર્થીઓની અરજી યોગ્ય દસ્તાવેજો ન હોવાના કારણે પેન્ડીંગ રાખવામાં આવેલ હોય, તે વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચના ખાસ ધ્યાને લેવાની રહેશે:

1. વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની વેબસાઈટ પર જઈને "Student Status"માં લોગ ઇન કરવાનું રહેશે.
2. વિદ્યાર્થીઓએ Student Statusમાં લોગ ઇન કર્યા બાદ જો તેઓનું સ્ટેટ્સ પેન્ડીંગ હશે તો તેઓને "Upload pending document now"માં જઈને ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે ૨ ઓપ્શન બતાવશે.
3. જો વિદ્યાર્થીઓના સ્ટેટ્સમાં other ઓપ્શન પેન્ડીંગ હોય તો તેઓએ Other ઓપ્શન સિલેક્ટ કરી Student Status માં Remarksમાં કચેરી દ્વારા જે દસ્તાવેજો મંગાવવામાં આવ્યા હોય તે જ દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે, અને હેલ્પસેન્ટરમાં જઈને તેની ચકાસણી કરાવવાની રહેશે.
4. વિદ્યાર્થી દ્વારા ૩થી વધુ વખત ખોટા દસ્તાવેજો અપલોડ કરવામાં આવશે તો તેઓની અરજી રદ કરવામાં આવશે. પરિણામે, એક જ દસ્તાવેજ ફરી અપલોડ કરતા અરજી પેન્ડીંગમાં રાખવામાં આવે અને તે દસ્તાવેજ ફરી માંગવામાં આવે તો માર્ગદર્શન માટે જરૂર જણાય તો હેલ્પ સેન્ટર કે સબંધિત કચેરીએ **<u>છેલ્લી તારીખ પહેલા</u>** રૂબરૂ સંપર્ક કરવો હિતાવહ છે.

- **તમામ વિદ્યાર્થીઓએ આ સહાય અંગેની કોઇ પણ પ્રકારની માહિતી, મુંઝવણના ઉકેલ માટે નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, PRL સામે, એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ ખાતે <u>અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા</u> રૂબરૂ મુલાકાત લેવાની રહેશે.**

- **યોજનાની વધુ માહિતી કામકાજના દિવસોમાં હેલ્પ લાઈન નં: ૭૦૪૩૩૩૩૧૮૧ (૧૦:૩૦ થી ૧૮:૦૦) પરથી મળી શકશે.**

# ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ તથા યોજનાની વિગતો (વર્ષ ૨૦૨૩-૨૪)

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર

# વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અરજી પત્રકો Online ભરવા અંગેની સુચનાઓ

## (https://www.digitalgujarat.gov.in)

- ➔ પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી **"Login"** ઓપ્શન પર ક્લીક કરી **"Citizen Login/Registration"** ઓપ્શનમાં જઇ **"New Registration(Citizen)"** પર ક્લીક કરી નવું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. નવુ રજીસ્ટ્રેશન Email ID, મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે **E-mail ID** અને મોબાઇલ નંબર ફરજીયાત છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/ સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ રાખવા વિનંતી છે.) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઇલ નંબર કે **Email Id**ને પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ **Login** કરી પોતાની પ્રોફાઇલ **(My Profile) Update** કરવાની રહેશે. **(My Profile Update** થયેલ હશે તો જ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.)
- ➔ જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષમાં સદરહું પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃત્તિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના **Login ID-Password** વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.
- ➔ જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો **ID-Password** ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ **"Forget Password"** પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર **OTP** મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર **User ID** રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. **"Forget Password"** ઓપ્શન ડિજિટલ ગુજરાત પોર્ટલના લોગીન પેજ પર છે.
- ➔ જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની **SC/ST/OBC** કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પ્રોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.
- ➔ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ **"Services"** મેનુમા જઇ **"Scholarship Services" Option** પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.
- ➔ **"Scholarship Services" Option** પર ક્લિક કર્યા બાદ **Select Financial Year** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૧૭-૧૮ થી વર્ષ:૨૦૨૨-૨૩ સીલેક્ટ કર્યેથી જો અગાઉના વર્ષોમાં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે. ચાલુ વર્ષ:૨૦૨૩-૨૪ માટે ઓનલાઇન અરજી કરવા માટે **"Request a**

New Services" બટન પર કલીક કરી **Select Financial Year** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૩-૨૪ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

➔ જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક **"Renewal"** મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. **"Renewal"** બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે **Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail** વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ **SCAN** કરી અપલોડ કરવા)

➔ જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફ્રોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક **"Renewal"** મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ **"Request a New Service"** બટન પર ક્લીક કરી **"Select Financial Year"** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૩-૨૪ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફ્રોર્મ ભરી અરજી કરવાની રહેશે.

➔ જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી **"Login"** ઓપ્શન પર ક્લીક કરી **"Citizen Login/Registration"** ઓપ્શનમાં જઇ પોતાના **Id-Password**થી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ **"Services"** મેનુમા જઇ **"Scholarship Services"** **Option** પર ક્લીક કરી **"Request a New Service"** બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ **"Select Financial Year"** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૩-૨૪ સીલેક્ટ કરી **"(Director Developing Caste Welfare)"** હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ **"Continue to Service"** પર ક્લીક કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે **Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail** વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને **Attachment**માં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ **Upload** કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ **SCAN** કરી અપલોડ કરવા)

➔ તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ **Upload** થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફ્રોટો અપલોડ કરવાનો રહેશે અને સંપૂર્ણ અરજીપત્રક ભરાઇ ગયા બાદ **"Verify Mobile Number"** બટન પર ક્લીક કરી પોતાના મોબાઇલ પર **OTP** મેળવી ઓનલાઇન અરજી **"Final Submit"** કરવાની રહેશે જેથી વિદ્યાર્થીની અરજી સંબંધિત શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી પોતાની શાળા/ કોલેજ/સંસ્થાને જમા કરવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

## (વિદ્યાર્થીઓ માટે અન્ય સૂચનાઓ)

➔ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિકસતી જાતિના તમામ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે તા:૨૨/૦૯/૨૦૨૩ થી ૦૫/૧૧/૨૦૨૩ સુધીમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક **Online** અરજીઓ કરવાની રહેશે.

➔ **વર્ષ: ૨૦૨૨-૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે. આથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લીકીંગ/સીડીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે.**

➔ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સંબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે લોગીન થયા બાદ, યોજનામાં એપ્લાય કરતી વખતે **"Instruction"** પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

➔ ગુજરાતના મૂળ વતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય બહાર **Out State**માં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ ભારત સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત **Digital Gujarat Portal** પર **Online** જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ લેટર સાથે મૂળ વતનના જિલ્લાની વિકસતી જાતિની કચેરીએ જમા કરાવવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજનાનું ફોર્મ ભરતી વખતે **"Registration Detail ➔ Current Address State"** માં ગુજરાત રાજ્ય સિવાયનું રાજ્ય પંસદ કરશે તે વિદ્યાર્થી રાજ્ય બહાર અભ્યાસ કરે છે તેવુ ગણવામાં આવશે.

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે.

➔ વિદ્યાર્થીએ પોતાનું બેંકનું ખાતુ ચાલુ રહે તે માટે બેંકના નિયમ મુજબ **KYC (KNOW YOUR CUSTMER)** ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થી દ્વારા જો ફોર્મ ભરતી વખતે ખોટો બેંક એકાઉન્ટ નંબર ભરવામાં આવશે અને શિષ્યવૃત્તિ અન્ય ખાતામાં જમા થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

